R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
વેબ સાઈટ :http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

YEAR-24 • ISSUE: 37 DATE: 12-09-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિવી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## પાટીદાર આંદોલન રાજ્યનો મુદ્દો કેન્દ્રનો નથી : ગેહલોત

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી થાવરચંદ ગેહલોતે જણાવ્યું હતું કે ગુજરાતમાં પટેલો દ્વારા થઈ રહેલા અનામત આંદોલનનો મુદ્દો રાજ્ય સરકારનો છે તેમાં કેન્દ્રને કોઈ રીતે સાંકળી શકાય નહીં. રાજ્ય સરકાર જ્યાં સુધી પાટીદાર સમાજનો ઓબીસીની યાદીમાં સમાવેશ કરવાની ભલામણ ન કરે ત્યાં સુધી સમગ્ર પ્રકરણમાં કેન્દ્ર સરકારની કોઈ ભુમિકા આવતી નથી.

ગેહલોતે ઈકોનોમિક ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે 'આ રાજ્યનો વિષય છે તેમાં કેન્દ્ર સરકાર હસ્તક્ષેપ કરી શકે નહીં.કેન્દ્ર અને રાજ્યની ઓભીસી યાદીમાં ઘણી જ્ઞાતિઓ છે.ગુજરાતમાં જે આંદોલન ચાલી રહ્યું છ. તે રાજ્ય સરકારનો વિષય છે. કોઈ રાજ્ય તરફથી ભલામણ મળે ત્યારે તેમના મંત્રાલય દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયાની વિસ્તૃત માહીતી આપતાં તેમણે જણાવ્યું હતું કે કોઈ સમુદાયને કેન્દ્રનીયાદીમાં સમાવવા પહેલાં રાજ્ય સરકાર પ્રસ્તાવ મોકલે છે. જે રજીસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડીયાને મોકલવામાં આવે છે.રજીસ્ટ્રારના અભિપ્રાયની જાણ રાજ્યને કરવામાં આવે છે. રજીસ્ટ્રાર ઈન્કાર કરે તો કેન્દ્ર અરજી અંગે વિચારણા કરતું નથી.કોઈ સામેલ થવા ઈચ્છુક હોય તો રજીસ્ટારના અભિપ્રાય પછી પ્રસ્તાવ અનુસુચિત જાતિ પંચને મોકલવામાં આવે છે ત્યાર પછી આ મુદ્દે કેબિનેટની નોંધ તૈયાર થાય છે.જેને સંસદની મંજુરી માટે મોકલવામાં આવે છે.એટલે અમને જ્યારે રાજ્ય તરફથી રજુઆત કરવામાં આવે ત્યારે અમે એ મુદ્દે વિચારણા કરીએ છીએ. રાજ્યના પ્રશ્નમાં અમે સીધો હસ્તક્ષેપ ન કરી શકીએ અને અમે કરતાં પણ નથી.

તેમણે કહ્યું કે પ્રશ્ન પક્ષનો નથી. મુળ મુદ્દો રાજ્યમાં એ સમુદાયની સ્થિતિનો છે. જેનો નિર્ણય રાજ્ય સરકારે કરવાનો છે.રાજ્ય સરકાર જ્યાં સુધી અમારી પાસે કોઈ માંગણી ન કરે ત્યાં સુધી અમે કંઈ કરી શકીએ નહીં.રાજ્ય ઈચ્છે ત્યારે અમને પ્રસ્તાવ મોકલી શકે અને અમે નિર્ધારીત પ્રક્રિયા પ્રમાણે તેના પર વિચાર કરીશું.'

## પ્રદુષણ ઘટાડવા માટે દસ વર્ષથી જુના ડીઝલ વાહનોનું ચેકીંગ કરાશે

રાજ્યના રસ્તા પર દસ વર્ષથી વધુ જુના ડીઝલ વાહનોને દુર કરવા માટે પધ્ધતિ નક્કી કરવાનો ગુજરાત હાઈકોર્ટના એકટીંગ ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ જે.બી.પારડીવાલાની ખંડપીઠે હુકમ કર્યો હતો. દરમિયાન ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ચાર શહેરોમાં ડીઝલ વાહનોનું પ્રદુષણનું સ્તર કેટલું છે તેનો સર્વેક્ષણ કરવાનો નિર્ણય લેવાયો છે.

તમામ વાહનોને સીએનજી વાહનોમાં તબદીલ કરવાનો નિર્ણયનો ફેરવિચાર કરવાની પીટીશન હાઈકોર્ટમાં ચાલી રહી છે.તેમાં રજુઆત કરવામાં આવી હતી કે સીએનજી ઉપરાંત એલપીજી પણ એક વિકલ્પ છે. તેમજ હવે ટેકનોલોજીના આધારે એવા વાહનો બનાવાય છે કે જેમાં પ્રદુષણ ઓછું થાય. જેમાં હાઈકોર્ટ દસ વર્ષ જુના ડીઝલ વાહનોને દુર કરવા સહિતના કેટલાક સુચનો માંગ્યા હતા. તેના પ્રતિભાવ રુપે રાજ્ય સરકારે અને જીપીસીબીએ તેનો જવાબ રજુ કર્યો હતો.સરકારે રજુઆત કરી હતી કે ડીઝલથી ચાલતાં જુના વાહનોને તાત્કાલિક ધોરણે ભંગાર કરવા શક્ય નથી.કારણકે આવા વાહનોની ઝડપી ગણતરી શક્ય નથી. જુના વાહનોની ગણતરી કરવી હોયતો કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરવું પડશે.ડીઝલના વાહનો સીએનજી કરવા હીતાવહ નથી.કારણકે માલશેકર કમિટિના રીપોર્ટ મુજબ ડીઝલ વાહનને સીએનજીમાં પરિવર્તિત કરવું ઘાતક બની રહે તેમ છે.

દરમિયાના હાઈકોર્ટે સરકારને સુચન કર્યું છે કે વાહનો દસ વર્ષ,પંદર વર્ષ અથવા તો વીસ વર્ષ જુના છે તેની ગણતરી કરવા માટે એક વ્યવસ્થા ઉભી કરીને આગામી મુદત તા. ૪ સપ્ટ.ના રોજ કોર્ટમાં રજુ કરવી જોઈએ .બીજી તરફ જીપીસીબી તરફથી એવી રજુઆત કરવામાં આવી હતી કે અમદાવાદ,વડોદરા, સુરત, રાજકોટ ખાતે પ્રદુષણનું સ્તર શોધવા માટે સ્થાનિક પોલ્યુશન અંડર કંટ્રોલ સ્ટેશન ખાતે જોડાણ કરીનો વાહનોમાંથી ધુમાડાથી થતા પ્રદુષણની ચકાસણી કરાશે.તમામ મોડલ અને તમામ ઉમરના વાહનો વાહનોનું સર્વેક્ષણ કરાશે.એક હજાર વાહનોના સેમ્પલ લેવાશે. આ માટે બે મહિનાનો સમય લાગશે. રાજ્ય સરકારે રજૂ કરેલા આંકડાઓ મુજબ રાજ્યમાં ૧૩.૭૭ લાખ ડીઝલ વાહનો છે.પંદર વર્ષથી જુના હોય તેવા ૬૩૬૮ વાહનો છે. જ્યારે ૧૦ વર્ષથી જુના ૨૧૦૫૪ વાહનો છે.

## ડીજીટલ ઈન્ડીયાના કેમ્પેનને પ્રમોટ કરવા અમેરિકા જઇ રહેલા વડાપ્રધાન મોદી સામે અમેરીકી તજજ્ઞો અને પ્રોફસર્સોએ ચેતવણી ઉચ્ચારી



ડીજીટલ ઈન્ડીયાના કેમ્પેનને પ્રમોટ કરવા અમેરિકા જઈ રહેલા વડાપ્રધાન મોદી સામે અમેરિકાના કેટલાક તજજ્ઞો અને પ્રોફેસર્સોએ ચેતવણી ઉચ્ચારી છે.વિવિધ અમેરીકી યુનીવરસીટીઓમાં દક્ષિણ એશીયાઈ બાબતોના જાણકાર ૧૨૪ જેટલા પ્રોફસર્સોએ સિલીકોન વેલીની કંપનીઓને મોદી સરકારથી સાવધ રહેવા ચેતવણી ઉચ્ચારી છે.તેમણે તમામ કંપનીઓને ચેતવણી આપતાં જણાવ્યું છે કે વેશ્વીક સ્તરે કંપનીઓને એવી સરકાર સાથે સબંધ બાંધતા કે વ્યાપાર કરતાં પહેલાં વિચારવું જોઈએ જેણે અનેક વખત અને પ્રસંગોએ માનવાધિકાર અને નાગરિક અધિકારોનો ભંગ કર્યો છે.આ ચેતવણી ઉચ્ચારતી લેખીત અરજી વિવિધ કોલેજો અને કંપનીઓમાં ફરતી કરાઈ હોવાનું બહાર આવ્યુ છે.આ અરજીમાં કોલમ્બિયા યુનીવરસીટીના અકીલ બિલગ્રામી અને સ્ટેનફોર્ડ યુનીવરસીટીના થોમસ બ્લોમનો સમાવેશ થાય છે.

આ અરજીમાં ચેતવણી આપતાં જણાવાયું છે કે ભારત સાથેના પ્રાઈવસી સબંધી કાયદાઓ માટે આ પ્રોફેસર્સ વધારે ચિંતિત છે. નોકરશાહીની સાથે સાથે સામાન્ય નાગરિકોના વ્યાપારમાં પારદર્શકતા લાવવાના આ પ્રોજેકટ પર ખતરો છે.આ મુદ્દે જરુરી સેફગાર્ડસની શક્યતા નહીવત છે અને આ મુદ્દે સરકાર ખરી ઉતરતી નથી તેથી ભારત જવા વિચાર કરવો જોઈએ. આ માહિતીનો ખોટી રીતે ઉપયોગ થાય તેવી પણ પુરતી શક્યતા છે.ડીજીટલ ઈન્ડીયાના નામે શરુ કરાયેલા ભારત સરકારના પ્રોજેકટ દ્વારા મુશ્કેલી પડી શકે છે. આ પ્રોજેકટમાં માહિતી સંરક્ષણ અંગે ભારતમાં પણ મોટા પ્રશ્નો ઉભા થયેલા છે. તજજ્ઞો, બૌધ્ધિકો અને પ્રોફેસર્સ માને છે કે ડીજીટલ ઈન્ડીયાના નામે ઉઘરાવવામાં આવેલી નાગરિકોની માહિતનો ઉપયોગ તેમના પર સતત વોચ રાખવા અનો બંધારણીય અધિકારોના દમન માટે થઈ શકે છે.આ લોકોએ ડીજીટલ ઈન્ડીયાને સાથ આપવાની વાત કરી છે પણ તેના દ્વારા સર્જાતા ભય સ્થાનો અંગે પણ લોકોને ચેતવણી આપી છે.

આ નિવેદનમાં ભારતના પ્રાઈવસી સબંધિત કાયદા પર ચિંતા વ્યકત કરવામાં આવી છે તેમાં લખવામાં આવ્યુ છે કે અમને ચિંતા છે કે નોકરશાહીની સાથે સામાન્ય લોકોની કામગીરીમાં પારદર્શિતા લાવવા માટેના આ પ્રોજેકટની સંભાવનાને ખતરો છે. કેમકે, એકત્ર કરવામાં આવેલી સુચનાના સંરક્ષણ માટે જરુરી સેફગાર્ડ છે જ નહીં.

જો કે આ લોકોએ મોદીની અમેરીકાની યાત્રા અને સિલીકોન વેલી સાથે ભારતની વ્યાપારિક સંભાવના તલાશવાના તેમના અધિકારનું સમર્થન કર્યું છે.

તેમણે એ ઉપરાંત ૨૦૦૨ના ગુજરાત રમખાણો અંગે પણ મોદીની કામગીરી બાબતે શંકા સેવી છે.તેઓનું માનવું છે કે મોદી માનવાધિકાર એ નાગરિક અધિકારોના ભંગ કરવા માટે જાણીતા છે.

## આખરે પુર્વ સૈનિકો માટેની વન રેન્ક વન પેન્શન યોજનાની જાહેરાત કરાઇ

પુર્વ સેનિકોની વન રેન્ક વન પેન્સનની માંગ છેલ્લા કેટલાક સમયથી તેજ બની હતી. આખરે સરકારે તેની જાહેરાત કરી દીધી છે.સ્વેચ્છીક નિવૃત્તિ લેનાર લશ્કરી કર્મચારીને પણ આ યોજનાનો લાભ મળી શકશે તેવું પાછળથી સરકારે ઉમેર્યું હતું. છેલ્લા બે મહિનાથી ભારે જોર પકડેલું આ આંદોલન તેની ચરમ સીમા પર પહોચ્યું હતું.નાણાં મંત્રીએ શરુઆતના તબક્કામાં સરકાર માટે આ માંગણી યોગ્ય નથી અને તેનો સ્વીકાર કરવો અશક્ય છે તેવું જણાવાયું હતું. પરંતુ માંગણીઓ ઉગ્ર બનતાં સરકારે આખરે યોજના સ્વીકારીને તેની જાહેરાત કરી હતી.૧ જુલાઈથ ૨૦૧૪થી આ યોજનાનો લાભ મળશે.આના કારણે સરકારની તિજોરી પર૧૦ થી ૧૨ હજાર કરોડનો બોજો પડશે.દર પાંચ વર્ષે પુનઃ પેન્સનની ગણતરી કરાશે

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

પાટીદાર અનામત માટેનું આંદોલન જબરજસ્ત રહ્યું પરંતુ તેને જોઇને રાજકીય પક્ષો ભડકી ગયા તેમને લાગ્યું કે આવું બની શકે ? સ્વયંભુ આટલી બધી જન મેદની એકઠી થાય તો કાલે આ લોકોના હાથમાં સત્તાના સુત્રો જતાં વાર ન લાગે. સત્તાધીશો અને રાજકીય નેતાઓએ ભારે મનોમંથન કર્યું હશે.કારણકે બાજી પલટાઇ જતાં વાર ન લાગે.આખરે આંદોલનનું રુખ બદલાયું.એક નવી નેતાગીરી બહાર આવી અને તે કોઇની લગામમાં રહે તેવી લાગી નહી.હવે એવું લાગે છે કે આંદોલનને આગળ વધતું અટકાવી દેવું જોઇએ અને તે મુજબ સત્તાધારીઓએ પોતાના મજબુત દાવ ખેલવાના શરુ કરી દીધા છે. આંદોલનની સાથે આંદોલન સાથે સક્રિય નેતાગીરીમાં ફાટફુટ અને તોડફોડનું રાજકારણ શરુ કરી દેવાયું છે.ઉચ્ચ નેતાગીરીને સકંજામાં લેવાની શરુઆત થઇ ગઇ છે. યેનકેન પ્રકારના કાયદાકીય દાવાઓમાં ફસાવવાની શરુઆત થઇ ચુકી છે. સત્તાધીશોને આવી લડત પોષાય તેમ નથી કારણકે ઉગ્ર બનતું આંદોલન તેની ચરમસીમા પર પહોંચે તો આ બધા રાજકીય નેતાઓના ભુકા બોલી જાય તેમ છે.હજુ રંગનાથ મિશ્વાએ આપેલ રીપોર્ટ મુજબ અનામત આપવા બાબતે સરકાર નિષ્ક્રિય છે.

તાજેતરમાં દિલ્હી ખાતે દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોએ રંગનાથ મિશ્વા કમિશનને આપેલ રીપોર્ટ મુજબ તેમને અનામત નહીં આપવા બદલ બ્લેક ડે મનાવ્યો હતો.આમ સરકારને ચારે બાજુએથી અનામત મેળવવા માટે અલગ અલગ જાતિઓ,જ્ઞાતિઓ તરફથી દબાણ આવી રહ્યું છે.અનામતનો ક્વોટા પુરો થઇ ગયો છે.સરકારને માટે ભારે મુસીબત છે. અનામતનું કોકડું કેવી રીતે ઉકેલવું.

## જાણવા જેવું !

અમેરીકામાં સ્ટ્રીપ્ટીઝ અને કેબરે જોવા માટે પુરષો કરતાં સ્ત્રીઓ વધારે જાય છે.

ફ્રાંસની એક રીફાનરીમાં કામ કરતાં ત્રેપન વર્ષના એલન ગાર્સીયાએ સોથી વધારે સ્ત્રીઓ પર બળાત્કાર કરેલાના કિસ્સા પોલીસ દફતરે નોધાયેલા છે.

ઓલીવ ટ્રીનું આયુષ્ય ૧૫૦૦ વર્ષનું હોય છે.

કાચની શોધ ઇ.સ.૧૫૫૦માં ઇજીપ્તમાં થઇ હતી.

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

શાહમૃગની આંખો તેના મગજ કરતાં મોટી હોય છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૮)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૭૨ | જી.એન.એમ.નર્સીંગ(૩ ૧/૨વર્ષ | ૧-૬-૮૮ | ૮૦૦૦ | મેથો | કુંવારા |
| ૩૭૩ | બીકોમ.એમબીએ(એચઆર) | ૯-૧૦-૮૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૪ | એમફીલ.એસએસડબલ્યુ | ૧૮-૧-૮૨ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૫ | એમ.એ.બીકોમ.(અંગ્રેજી સાથે) | ૮-૨-૮૩ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૬ | એમબીએ.એચઆર.માર્કેટીંગ | ૨૧-૧૧-૮૭ | ૨૦૦૦૦ | પેન્ટીકોસ્ટ | કુંવારા |
| ૩૭૭ | એક્ષરે ટેકની.જીએનએમ.૩ ૧/૨વર્ષ) | ૪-૫-૯૦ | ૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૭૮ | એમએસસી.આઇટી.(ઓસ્ટ્રે)પરત | ૨૨-૮-૮૩ | - | મેથો. | કુંવારા |
| ૩૭૯ | આઇટી(યુએસ સીટીઝન) | ૧૮-૧૧-૮૩ | ૧લાખ | સીએનઆઇ | કુંવારા |
| ૩૮૦ | બીએસસી.એમ.એ.માર્કેટીગં (યુકે) | ૨૪-૮-૮૩ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૩૮૧ | બીએસસી,આઇટી,સીસીએનએ,સીસીએનપી | ૨૪-૭-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૨ | બીકોમ.એસ.આઇ. | ૧૨-૭-૯૦ | ૭૮૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૩૮૩ | એમબીબીએસ,એમડી.ડીએનબી | ૧૩-૩-૮૩ | ૧લાખ | સા.આર્મી | કુંવારા |
| ૩૮૪ | એમએસસી(માઇક્રો) | ૨૩-૬-૯૦ | ૯૫૦૦ | આર.સી | કુંવારા |
| ૭૧૪ | પીટીસી(બીજાવર્ષમાં) | ૨૧-૨-૮૪ | ૨૪૯૦૦ | મેથો | કુંવારા |
| ૭૧૫ | પીટીસી.બી.એ. | ૨૧-૧૨-૮૮ | ૧૬૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૭૧૬ | બીએ.બીએડ(અંગ્રેજી)પીટીસી,ટેટ,ટાટ પાસ | ૨૪-૭-૮૪ | ૫૦૦૦ | મેથો | કુંવારા |
| ૭૧૭ | બીએ.કોમ્પ્યુ.ડીપ્લો.ઇન હાર્ડવેર એન્જી.ડીટીપી | ૨૨-૧-૭૫ | ૭૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૧૮ | એમએ.બીએડ(પીજીડીઆઇટી) | ૧-૧૦-૭૫ | ૨૪૦૦૦ | આર.સી | કુંવારા |
| ૭૧૯ | એમએ.બીએડ(ઇંગ્લીસ)ટેટ,ટાટ પાસ | ૨૨-૧૧-૮૫ | ૯૬૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૦ | ૧૦પાસ | ૨૯-૮-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૫૫ | ૧૦નાપાસ | ૧૦-૧૨-૭૭ | ૬૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૫૬ | ૧૦નાપાસ | ૪-૬-૬૯ | ૭૦૦૦ | આર.સી | છુટાછેડા |
| ૨૫૮ | બીકોમ.બીઝનેસ મેનેજમેન્ટ | ૧૧-૨-૭૮ | ૧૮૦૦૦ | મેથો | છુટાછેડા |
| ૨૫૯ | એમએસસી. | ૬-૯-૬૯ | ૬૦૦૦૦ | આર.સી. | વિધુર |
| ૨૬૧ | બીએ.એસઆઇ.એક્ષરે.કોમ્પ્યુ.કોર્ષસીસીસી.ડીટીપી | ૮-૧૧-૭૭ | ૯૫૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૬૨ | ૧૨પાસ. આઇટીઆઇ | ૧૫-૨-૮૩ | ૧૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૮) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૮૫ | એમ.એસ.ડબલ્યુ | ૧૯-૬-૮૯ | ૯૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૬ | એમએ.બીએડ | ૮-૨-૯૧ | - | આર.સી | કુંવારા |
| ૩૮૭ | એમએસસી,બીએડ.(ઇંગ્લીંસ મીડી)પીજીડીસીએ | ૨-૨-૮૭ | ૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૮૮ | જીએનએમ.૩ ૧/૨વર્ષ નર્સીંગ | ૧૬-૧૨-૮૬ | ૧૫૦૦૦ | આર.સી | કુંવારા |
| ૩૮૯ | ડીપ્લો.કોમ્પ્યુ.એન્જી.બીટેક.ઇન્ કોમ્પ્યુ.(ઇંગ્લીંસ) | ૧૫-૪-૮૮ | - | આર.સી. | કુંવારા |
| ૩૯૦ | એમ.એસ.સી.નર્સીંગ. | ૬-૯-૮૬ | ૨૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૯૧ | જીએનએમ.૩ ૧/૨વર્ષ નસીંગ | ૮-૩-૮૬ | ૨૭૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૯૨ | માસ્ટર ઓફ ફીઝીયોથેરાપી | ૧૦-૬-૮૮ | ૨૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૭૨ | બીએ.બીએડ.કોમ્પ્યુ.બ્યુટી પાર્લર | ૨૧-૮-૭૫ | ૮૦૦૦ | આર.સી | કુંવારા |
| ૪૭૩ | ૧૨પાસ, શિવણ, કોમ્પ્યુ.કોર્ષ | ૧૪-૮-૮૦ | - | આર.સી. | કુંવારા |
| ૪૭૫ | ૧૦પાસ | ૧૮-૬-૮૮ | ૫૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૬ | ૧૦પાસ | ૯-૯-૯૧ | ૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૮ | બીએ.(ઇંગ્લીંસ)બીએડ,પ્રીપીટીસી કોમ્પ્યુ.કોર્ષ | ૧-૮-૮૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૭૯ | બીએસસી(માઇક્રો)ડીએમએલટી,એલએલબી. | ૨૯-૮-૮૪ | - | મેથો. | કુંવારા |
| ૪૮૦ | એમએ. | ૨૯-૧૦-૭૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૧ | બીએ.૧૮માસનો નર્સીંગ કોર્ષ | ૨૪-૧૧-૮૫ | ૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૮૪ | એમએ(ઇકોનો.)સ્ટેનો.સેક્રેટરી કોર્ષ(ઇંગ્લીસ) | ૧-૮-૮૦ | ૧૦૫૦૦ | આર.સી | કુંવારા |
| ૧૫૮ | ૧૨ પાસ(પ્રીપીટીસી) ડીપ્લોમા | ૨૧-૪-૮૧ | ૩૦૦૦ | આર.સી. | વિધવા |
| ૧૬૦ | બી.એ.બી.એડ. | ૩-૨-૭૨ | ૧૮૦૦૦ | સીએનઆઇ | વિધવા |
| ૧૬૧ | બીકોમ.યુએસએ નર્સીંગ.હોસ્પી કોર્ષ,(યુએસએ) | ૧-૭-૬૬ | ૨૦૦૦ ડોલર | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઇન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઇટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

## કેન્દ્ર સરકારે ૨૦૧૧ના વર્ષમાં હાથ ધરાયેલ વસ્તી ગણતરીના આંકડાઓ આખરે પ્રસિધ્ધ કર્યા

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧માં હાથ ધરાયેલ ધર્મ અને જાતિ આધારિત વસતી ગણતરીના આંકડાઓ જાહેર કર્યા હતા. સરકારના આંકડાઓ પ્રમાણે દેશની કુલ વસ્તીના પ્રમાણમાં અન્ય કોઈ પણ ધર્મના લોકો કરતાં મુસ્લીમોની વસ્તી સૌથી ઝડપથી વધી રહી છે.ભારતના રજીસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશ્નરે જારી કરેલા સત્તાવાર નિવેદન અનુસારના દાયકામાં દેશની કુલ વસ્તીના પ્રમાણમાં હિંદુઓની વસાતી ૦.૭ટકા,શીખમાં ૦.૨ ટકા અને બૌધ્ધની વસ્તીમાં ૦.૧ ટકા પર્સન્ટેજ પોઈન્ટનો ઘટાડો થયો છે.પહેલીવાર હિંદુઓની વસ્તી ૮૦ ટકાથી ઓછી થઈ છે.ભારતની કુલ વસ્તી ૧૨૧.૦૯કરોડની છે.જેમાં મુસ્લીમોની વસ્તી ૦.૮ પર્સન્ટેજ પોઈન્ટ વધી છે.જ્યારે અન્ય લઘુમતી સમુદાયો ખ્રિસ્તી અને જૈનોની વસ્તીના પ્રમાણમાં કોઈ નોધપાત્ર વધારો નોધાયો નથી.

વસતી ગણતરીના આધારે દેશની કુલ વસ્તીમાં હિંદુઓની વસ્તી ૯૬.૬૩કરોડ,મુસ્લીમો ૧૭.૨૨ કરોડ, ખ્રિસ્તી ૨.૭૮કરોડ,શીખ ૨.૦૮કરોડ, જૈન૦.૪૫લાખ, બૌધ્ધ ૮૪.૦૦ લાખ,અન્ય ધર્મી ૭૯.લાખ,કોઈ ધર્મ નહી ૨૯ લાખ આમ કુલ વસ્તી ૧૨૧.૦૯ કરોડની ગણતરીમાં આવી છે.

અગાઉ સરકારે ધર્મ પ્રમાણે વસ્તીના આંકડા જાહેર કરતી હતી. પરંતુ ૨૦૦૧ ની વસતી ગણતરી બાદ સર્જાયેલ વિવાદને પગલે ૨૦૧૧માં સરકારે આ પ્રથા બંધ કરી હતી.હાલની સરકારે બિહાર વિધાનસભાની ચુંટણી અગાઉ આંકડા જારી કરવા પર ટીકાઓ થઈ છે.કારણે આનાથી બિહારમાં મુસ્લીમ મતદારો પર પ્રભાવ પડી શકે છે.

## દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમો માટે અનામત નહી અપાતા દિલ્હીમાં બ્લેક ડે મનાવાયો




દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમો માટે ઈક્વલ રાઈટ્સ માટે આંદોલન ચલાવી રહેલાઓ ૧૦ ઓગષ્ટને બ્લેક ડે તરીકે દિલ્હી ખાતે મનાવ્યો હતો. ૧૦ ઓગષ્ટ બ્લેક ડે તરીકે મનાવવા પાછળનો હેતુ એ હતો કે પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડીયાએ ભારતના બંધારણમાં(શીડ્યુલ કાસ્ટ)સ્ટેટ્સનો આજના દિવસે ૧૯૫૦માં સહી કરી હતી.જેમાં દલિત હિદુ શીખો અને બુધ્ધિષ્ટોને શિડ્યુલ કાસ્ટની અનામતમાં આવરી લેવાયા હતા.

દિલ્હી ખાતે પ્રેસિડેન્ટલ ઓર્ડર ૧૯૫૦ની સામે રીઅપીલ કરવા માટે ડઝનથી વધારે ખ્રિસ્તી નેતાઓ અને હેટ ઓફ ચર્ચીસ ખાતે એકઠા મળ્યા હતા.એકઠા મળેલાઓને મોસ્ટ રેવ અનીલ કોન્ટો, આર્ચબિશપ ઓફ દિલ્હીએ સંબોધ્યા હતા.

રેવ.ડો.રોજર ગાયકવાડ, જનરલ સોક્રેટરી,નેશનલ કાઉન્સીલ ઓફચર્ચીસ ઈન ઈન્ડીયા,સહિત અનેક માન્યવર ખ્રિસ્તી નેતાઓએ આ પ્રસંગે હાજરી આપી હતી.રેવ ડો.રોજર ગાયકવાડે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ કેવા પ્રકારની લોકશાહી છે જેમાં દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમા સાથે ભેદભાવ રાખવામાં આવે છે અને અળખામણા ગણવામાં આવી રહ્યા છે.

ડો.જોન દયાલ,પ્રેસિડેન્ટ, યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમે જણાવ્યુંહતું કે આ નિર્ણય એ જાતિવાદી નિર્ણય છે.હવે લડતનો નિર્ણય આવવો જોઈએ.લડત લાંબા વર્ષોથી ચાલી રહી છે અને સરકારે આ પ્રશ્નને લટકાવી રાખ્યો છે.હજુ સુધી સુપ્રીમ કોર્ટમાં જવાબ આપ્યો નથી.

યુપીએ સરકારે કેટલાક વર્ષોથી ચાલી આવેલી લડતને લટકાવી રાખી હતી.સુપ્રીમમાં સરકાર તરફથી જવાબ પણ રજુ કરવામાં આવ્યો નથી.આ ઉપરાંત રંગનાથ મિશ્રા કમિશન તરફથી અપાયેલ રીપોર્ટમાં સાફ જણાવાયું છે કે દલિત ખ્રિસ્તી અને દલિત મુસ્લીમોને અનામત આપવામાં આવી નથી જે તેમને આપવી જોઈએ તેવી ભલામણ તેમના તરફથી કરવામાં આવી હતી.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


## સંથારા અંગેના હાઇકોર્ટના ચુકાદાને જૈન સમાજે સુપ્રીમ કોર્ટમાં પડકારતાં સ્ટે અપાયો

છેલ્લા કેટલાક સમયથી જૈન સમાજ સંથારા અંગે રાજસ્થાન હાઈકોર્ટે આપેલ નિર્ણય બાબતે વિરોધ પ્રદર્શન યોજી રહ્યો છે. અનેક સાધુ સંતો અને સમાજ દ્વારા ઠેર ઠેર આ બાબતે ભારે વિરોધ નોધાઈ ચુક્યો છે.છેલ્લે આ બાબતે સંઘના વડા સમક્ષ પણ આ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.હવે જૈન સમાજે રાજસ્થાન હાઈકોર્ટે આપેલ સંથારાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે.

રાજસ્થાન હાઈકોર્ટે જૈન સમાજની ધાર્મિક આસ્થા સંથારા પ્રથાને આત્મહત્યાની શ્રેણીમાં મુકતા તેના પર પ્રતિબંધ લાધી દીધો હતો.પરિણામે આ કોર્ટના નિર્ણયથી સમગ્ર જૈન સમાજનો આક્રોશ બહાર આવ્યો હતો.હવે જૈન સમાજં આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. આ મામલે થોડાક સમયમાં સુનાવણી શરુ થવાની વકી છે.જૈન સમાજે પોતાની અપીલમાં જણાવ્યું હતું કે સંથારાને આ્ત્મહત્યાની શ્રેણીમાં રાખી શકાય નહી. હાઈકોર્ટના ચુકાદા પર પુનઃ વિચાર થવો જોઈએ. આ મામલે જયપુરમાં જૈન સમાજ દ્વારા મૌન સરઘસ કાઢીને વિરોધ નોધાવવામાં આવ્ય હતો.રાજસ્થાન હાઈકોર્ટે જૈન સમુદાયની ધાર્મિક પરંપરા સંથારાને ગેરકાયદે ઘણાવતાં ભારતીય દંડસહિતાની કલમ ૩૦૬ તથા ૩૦૯ અંતગર્ત ગુનાઈત પ્રવૃતિ જાહેર કરી હતી.સંથારા જૈન સમાજનું આવશ્યક અંગ નથી.તેને માનવીય કહીશકાય નહી.કારણે મુળ માનવઅધિકારોનું ઉલ્લંઘન કરે છે. રાજસ્થાનના હાઈકોર્ટના આ ચુકાદાની સામે સુપ્રીમમાં દાખલ કરાયેલ અપીલમાં સુપ્રીમ કોર્ટે હાલમાં રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદા સામે સ્ટે આપ્યો છે.

## ફરજીયાત વોટિંગના અમલ પર હાઇકોર્ટની બ્રેક

લોકોના અધિકાર પર તરાપરુપ કાયદો લાદવાની રાજ્ય સરકારના મનસુબા પર પાણી ફરી વળ્યું છે. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સરકારના આ ફરજીયાત વોટિગના કાયદાના અમલ પર બ્રેક મારવામાં આવી છે.રાજ્યની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં નાગરિકોને ફરજીયાત મતદાન કરવાના અને મતાધિકારનો ઉપયોગ નહી કરનારને દંડિત કરવાના કાયદાના અમલ સામે ગુજરાત હાઈકોર્ટે મનાઈ ફરમાવી છે.

મનાઈ હુકમ આપતી વખતે એકટીંગ ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ એન.વી.અંજારીયાની ખંડપીઠે ટકોર કરી હતી કે મતદાનના અધિકારમાં જ મત નહિ આપવાન અધિકારનો પણ સમાવેશ થાય છે. આથી નાગરિકોને બંધારણમાં બક્ષવામાં આવેલ હક્કને ફરજમાં બદલી શકાય નહી.હાઈકોર્ટે વધુમાં કહ્યું હતું કે લોકસભા અને વિધાનસભાની ચુંટણીમાં ફરજીયાત મતદાન નથી તો સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ફરજીયાત મતદાન શા માટે કરવું જોઈએ ?મતદાન કરવું કે ના કરવું તે મતદારનો હક્ક છે.અને તેમની ઈચ્છા પર આધારિત છે.આથી જો બંધારણે આપેલા હકને ફરજીયાત કરાય તો બંધારણે આપેલો હક્ક છિનવાઈ જાય છે.લોકશાહમાં હકને સ્વીકારવા કે ન સ્વીકારવા તે લોકોની ઈચ્છા પર આધારિત હોય છે.હાઈકોર્ટે આપેલ આદેશમાં આ જણાવાયું હતું.

સ્વરાજઅભિયાનના કાર્યકર અને એડવોકેટ કે.આર.કોષ્ટીએ આ ફરજીયાત મતદાનના કાયદાને પડકાર્યો હતો.તેમના વતી રજુઆત કરી હતી કે ર્જાય સરકારનો આ નિર્ણય બંધારણથી વિરુધ્ધ છે. રીપ્રેઝન્ટેશન ઓફ પિપલ્સ એક્ટમાં કરાયેલી જોગવાઈ મુજબ મતાધિકારનો ઉપયોગ કરવો કે નહી તે મતદાતાનો અબાધિત અધિકાર છે.


**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે. દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ** બતાવીશું.

**Tour Date 11 November,2015**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
**C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪**
**મોબાઇલ ને. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦**
**E.mail ID : prarthgohil@gmail.com**
* * * * * * * * * * * * * *

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.**

# પટેલ-મરાઠાઓને અનામતનો મહારાષ્ટ્ર ઓબીસીનો વિરોધ

મહારાષ્ટ્ર અન્ય પછાત વર્ગ(ઓબીસી) સંગઠને ગુજરાતમાં પટેલોને અને મહારાષ્ટ્રમાં મરાઠાઓને અનામત આપવાનો વિરોધ કર્યો છે.મહારાષ્ટ્ર ઓબીસી સંગઠનના પ્રમુખ પ્રોફેસર શ્રવણ દેવરે તાજેતરમાં ભાજપના સાંસદ ડો.સુભાષ ભામ્રેને મળ્યા હતા અને આ વિરોધ દર્શાવ્યો હતો.ભામ્રે ઓબીસી સાંસદ મંચના સભ્ય છે.

ઓબીસી સંગઠને ભામ્રેને આ મુદ્દો સંસદમાં ઉઠાવવાની માંગણી કરી છે. દેવરેએ કહ્યુ હતું કે મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાય, ઉત્તરપ્રદેશમાં અને હરિયાણાંમાં જાટ સમુદાય, ગુજરાતમાં પટેલ સમુદાય સવર્ણ વર્ગમાં હોવા છતાં ઓબીસી કેટેગરીમાં સમાવેશની માંગણી કરી રહ્યા છે.આ સમુદાય ધનવાન છે અને શાસક પણ છે. કારણ કે જેને તે રાજ્યમાં તેમનું અનેક વર્ષથી શાસન છે.આથી મંડલ કમિશન સહિતના તમામ પંચે સુચવ્યું છે કે આ સમુદાયને અનામત ન મળવું જોઈએ. તેમણે કહ્યુ હતું કે આ સમુદાયોને ક્ષત્રિય વર્ગ અંતગર્ત અનામતનો લાભ આપવામાં આવે તો ઓબીસી સમુદાયને કોઇ વાંધો નથી.પરંતુ ઓબીસી કવોટાના હાલના માળખામાં કોઇ ફેરફાર ન થવો જોઈએ. તેમણે આ ઉપરાંત કહ્યુ હતું કે એમ.પી. સુદર્શન નચિઅપ્પન સમિતિએ ૨૦૦૫માં સંસદને ભલામણ કરી હતી કે મહત્તમ ૫૦ ટકા અનામતની મર્યાદા તોડી નાંખવી જોઇએ.મતલબ કે ૫૦ ટકાથી વધુ અનામત આપવું જોઇએ. જો આ ભલામણ સ્વીકારી લેવાય તો તમામ ક્ષત્રિય સમુદાયોને અનામતનો લાભ મળી શકે છે.

# પુર્વ આઇપીએસ શ્રીકુમારને સાણસામાં લેવાની સરકારે તૈયારી આદરી

૨૦૦૨માં કોમી તોફાનોમાં તત્કાલિન મુખ્યમંત્રી મોદી સરકારની ભુમિકા વિરુધ્ધ આક્ષેપો કરનારા પુર્વ આઈપીએસ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ આર.બી.શ્રીકુમાર સામે ખાતાકીય કાર્યવાહી શરુ થઇ શકે છે.રાજ્ય સરકારની મંજુરી વગર નાણાવટી કમિશનમાં જુબાની આપવા સહિતના નવ મુદ્દાઓ સામેલ કરતી ચાર્જશીટ રાજ્ય સરકારે શ્રીકુમારને આપી છે.તેની સામે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલ દ્વારા અપાયેલ સ્ટે ઉઠાવી લેવાનો આદેશ હાઇકોર્ટના જસ્ટીસ એ.આર.શાહની કોર્ટ દ્વારા આપવામાં આવ્યો હતો.કોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે નવ મુદ્દાઓની ચાર્જશીટ બબતે શ્રીકુમાર સરકારને ૨૦ ઓકટો.સુધી જવાબ આપી શકે છે.ત્યાં સુધી રાજ્ય સરકાર અધિકારી વિરુધ્ધ કોઇ પગલાં લઇ શકસે નહી.અલબત્ત શ્રીકુમાર હાઇકોર્ટના આદેશ વિરુધ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલમાં જઇ શકે છે.

કેસની વિગતો મુજબ આઇપીએસ અધિકારી આર.બી.શ્રીકુમાર ૨૦૦૨ા તોફાનો વખતે ગુપ્તચર વિભાગના વડા હતા. અને તેમણે તોફાનોની તપાસ માટે નિમાયેલા નાણાવટી અને શાહ તપાસ પંચ સમક્ષ જુબાની આપીને રાજ્ય સરકારની તોફાનોમાં નિષ્ફળતા ઉજાગર કરી હતી.તેમણે અગિયાર એફીડેવીટ નાણાંવટી પંચમાં કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે તોફાનો વિશે ગુપ્તચર વિભાગે આપેલા ઇનપુટ અને અહેવાલો ઉપર સરકારે કામ કર્યુ નહોતું.તેસહિતના નિવેદન તેમણે નાણાંવટી કમિશન તપાસ પંચ સમક્ષ કર્યા હતા.૨૦૦૫માં રાજ્ય સરકારે તેમને નવ મુદ્દાની ચાર્જશીટ આપી હતી.આ ચાર્જશીટને તેમણે પડકારતાં કેટે ચાર્જશીટ ગેરકાયદેસર ઠેરવી હતી.તેની સામે વર્ષ ૨૦૦૮માં રાજ્ય સરકારે ગુજરાત હાઇકોર્ટમાં અપીલ કરી હતી.

રાજ્ય સરકારનો આરોપ હતો કે આર.બી.શ્રીકુમારે તેમની ખાનગી ડાયરીને ઓફીશ્યલ ડાયરી ગણાવીને ઉચ્ચ અધિકારીઓની મંજુરી વગર આ ડાયરીને જાહેર કરીને રાજ્ય સરકાર અને તેના ઉચ્ચ અધિકારીઓની છાપ ખરડવાનો પ્રયાસ કર્યો હતો.રાજ્ય અને કેન્દ્ર સરકારના સંબધોમાં અંતર ઉભુ કર્યુ હતું.

આ ઉપરાંત તેમણે ગૃહસચિવ અને તપાસ પંચ માટે નિમાયેલ ખાસ સરકારી વકીલની વાતચીત રેકોર્ડ કરી હતી.અને બદઇરાદાથી તે મીડીયામાં જાહેર કરી હતી.

જો કે સરકાર વિરુધ્ધ જનારા તમામ અધિકારીઓ અને એનજીઓ વિરુધ્ધ સરકારે હિસાબ બરાબર કરવાનો પ્રયત્ન જારી કર્યો છે તેવા આરોપો લોકો કરી રહ્યા છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ગુજરાત સરકારે ખાદ્ય ગોળની વ્યાખ્યામાં ફેરફાર કર્યા

ગુજરાત સરકારે ખાદ્ય ગોળની વ્યાખ્યામાં ફેરફારો કર્યા છે. અત્યાર સુધીમાં ખાદ્ય ગોળમાં ૯૦ ટકાથી ઓછું સુક્રોઝ યાને સુગર પ્રમાણ હોય તો તે અખાદ્ય અથવા સડેલો ગોળ ગણાતો હતો. હવે ૮૦ ટકાથી ઓછું સુક્રોઝવાળો ગોળ સડેલો ગણાશે.ગુજરાત સરકારે વિધાનસભામાં પસાર કરાવેલા ગુજરાત નશાબંધી સુધારા વિધેયક અંતગર્ત આ રીતે સડેલા ગોળની વ્યાખ્યામાં સુધારો કર્યો હતો.નશાબંધી વિભાગનો હવાલો સંભાળતા રાજ્યકક્ષાના પ્રધાન રજનીકાંત પટેલે ગૃહમાં જણાવ્યું હતું કે સોરાષ્ટ્રના શેરડી પકવતા ખેડુતોની રજુઆત હતી કે ભૌગોલિક તથા પર્યાવરણીય સ્થિતિને કારણે સૌરાષ્ટ્રમાં પાકતી શેરડીમાંથી ગોળ બનાવતી વખતે ૯૦ ટકા સુધી સુક્રોઝનું પ્રમાણ મળતું નથી.આ રજુઆત સંદર્ભમાં ગૃહસચિવના અધ્યક્ષપણા હેઠળ તા.૧૬-૩-૧૫ના ઠરાવથી નશાબંધી વિભાગ, ખોરાક અને ઔષધ નિયંત્રક વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા ખાંડ નિયામકને સાંકળીને એક ઉચ્ચ કક્ષાની સમિતિ બનાવાઇ હતી. જેણે રાજ્યના વિવિધ વિસ્તારોમાં પાકતી શેરડીના નમુનાઓનો પૃથ્થકરણ રિપોર્ટ એફએસએલ પાસેથી મેળવ્યો હતો અને તેમાં પણ સૌરાષ્ટ્રની શેરડીમાં સુક્રોઝનું પ્રમાણ ઓછુ મળતાં,સમિતિએ સડેલા ગોળની વ્યાખ્યામાં ફેરફાર કરવાની ભલામણ કરી હતી.જેને લક્ષમાં લઇને સરકાર દ્વારા સુધારા વિધેયક લવાયું હતું.

# યાકુબ-અફઝલની ફાંસી રાજકીય ઇરાદાઓથી પ્રેરિત : જસ્ટીસ શાહ

સંસદ પરના હુમલાના આરોપી ઠરેલા અફઝલ ગુરુ અને ૧૯૯૩ના મુંબઇ બ્લાસ્ટના આરોપી યાકુબ મેમણને રાજકીય ઇરાદાઓથી ફાંસી આપવામાં આવી હતી તેવુ નિવેદન કરીને દિલ્હી હાઇકોર્ટના ભુતપુર્વ ચીફ જસ્ટીસ એ.પી.શાહે નવો વિવાદ સર્જ્યો હતો.એક ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં લો કમિશનના પુર્વ ચેરમેને કહ્યું હતું કે અફઝલના મામલામાં વહીવટી અવરોધો સર્જવામાં આવ્યા હતા. જ્યારે યાકુબની દયાની અરજીમાં થોડો ઘણો આધાર બચ્યો હતો. યાકુબના કિસ્સામાં ન્યાય પ્રક્રિયાનું સંપુર્ણ પાલન કરવામાં આવ્યુ ન હતું.અફઝલના કેસમાં તેની દયાની અરજી લાંબા સમયથી પેન્ડીંગ રખાઇ હતી અને સરકારે પછી અચાનક તેને ફાંસીએ લટકાવી દીધો હતો.

જસ્ટીસ શાહ મુજબ યાકુબના કેસમાં જજો વચ્ચે વૈચારિક મતભેદો હતા. દયાની અરજી ફગાવ્યા પછી ૧૪ દિવસનો સમય અપાય છે. પરંતુ સરકારે ઉતાવળીયું પગલું લીધું હતું.તમામ કામગીરી રાજકીય ઇરાદાપ્રેરિત હતી. આમ ન્યાય પાલિકા સાથે સંકળાયેલ અનેક લોકોએ યાકુબની ફાંસી અંગે વિવાદો સર્જાય તેવા નિવદેનો આપ્યા હતા.

સુપ્રીમ કોર્ટના દ્વાર યાકુબના કેસમાં રાત્રે ખોલવામાં આવ્યા તે પણ ન્યાય પાલિકામાં એક ઇતિહાસ બન્યો હતો તેની પણ કેટલાક લોકોએ ટિકા કરી હતી. ન્યાયપાલિકાઓ પર છેલ્લા કેટલાક સમયથી ટીકાઓ થઇ છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્ક: જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.